## પ્રકરણ : ૧૨
## ખબરદાર તથા પંડિતયુગના કેટલાક કવિઓ

### :૧: ખબરદાર

રાષ્ટ્રવિષયક કવિતા રચનારા કવિઓમાં ખબરદારનું સ્થાન અગ્રીમ પંક્તિમાં આવે છે. આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ કહે છે એમ, "નર્મદની સ્વદેશ-ભક્તિની માળ, જે હરિ હર્ષદ ધ્રુવ પછી રા. ખબરદારને કંઠે જેવી ઊતરી છે તેવી અન્ય કોઇ કવિને કંઠે ઊતરી નથી." [૧] રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા રચવામાં, નર્મદ, હ. હ. ધ્રુવ, મલબારી તથા ન્હાનાલાલના આંકેલા માર્ગે ખબરદાર આગળ વધ્યા છે. ખબરદારનાં શૌર્યોદ્બોધનનાં કાવ્યો નર્મદ અને હ. હ. ધ્રુવનું સ્મરણ પ્રેરે, એમની ઉત્કટ દેશપ્રીતિ, ગુજરાતની અસ્મિતા, આર્યત્વ વિશેનું ગૌરવ અને કાવ્યગ્રંથોનાં નામકરણની રીત મલબારીની યાદ અપાવે, વીરરસયુક્ત દેશભક્તિનાં કાવ્યોને મધ્યકાલીન શૌર્યત્વના પરિવેશમાં ગૂંથવાની એમની પધ્ધતિ ન્હાનાલાલની સ્મૃતિ આપી રહે. આમ કહીને, ખબરદારની રાષ્ટ્રવિષયક કવિતા સ્વતંત્ર વ્યક્તિત્વવિહોણી છે એવું ફલિત કરવાનો કોઇ આશય નથી. ભૂતકાળથી ખબરદારની કવિતા જુદી પણ પડે છે. ભૂતકાળના કેટલાક કવિઓને "ભારતનાં ગાન કરુણરસમાં જ પ્રથમ કરવાં પડયાં છે, પણ કરુણરસમાંથી આત્મભાન થતાં વીરરસ સ્વાભાવિક જન્મે છે." [૨] ખબરદારની દેશભક્તિ કવિતામાંય પ્રારંભમાં કરુણરસયુકત નિરૂપણ થયેલું છે. એનાં ઉદાહરણો પાછળ નોંધ્યાં છે. પરંતુ એકંદરે જોતાં, ખબરદારની કવિતા-માં મરદાની હામભર્યા શૌર્યત્વનો પૂર્ણતયા સ્વીકાર થયેલો જણાય છે. "શંખનાદ સંભળાયે ભૈયા, શૂર પુરૂષને તેડું હો," એવો નર્મદની કવિતામાં સંભળાતો યુધ્ધોત્સાહનો નિનાદ ખબરદારની માં લગભગ સતત સંભળાય છે:

"ભારતી બેયા રે! શંખ સુણ્યો ન હજી શું?
બેસી રહીશું રે, કે ઝટ સાજ સજીશું?" :"ભારતનો ટંકાર,"
પૃ. ૫૬:

ખબરદારમાં આગળના જમાનાની રાષ્ટ્રીયઅસ્મિતાની કવિતા કરતાં જુદી રીતનો વિકાસ દેખાય છે: "...નર્મદ અને હરિ હર્ષદ ધ્રુવની પછી દેશમાં એ :રાષ્ટ્રભક્તિનાં જુસ્સાદાર: કાવ્યની ભાવસામગ્રી જેમ વધી છે, તેમ ગયા જમાનાના કવિઓ કરતાં રા.ખબરદારનાં કાવ્ય સંખ્યામાં, વિવિધ-તામાં, પદ્યરચનાના પ્રકારમાં અને ઘણીવાર ગુણમાં પણ અધિક નીપજ્યાં છે"[3]

ખબરદાર એમના કાવ્યસર્જનના પ્રારંભમાં, વીસમી સદીના પહેલા બે દસકાઓ દરમિયાન સહજ એવી ઉદારમતવાદી રાજકીય વિચારસરણિ ધરાવતા હતા. બ્રિટિશરાજ્યની શુભનિષ્ઠામાં એમને વિશ્વાસ હતો. પરંતુ જમાનાનાં વહેણો પલટાવાની સાથે ક્રમશ: એમનું માનસ પણ પલટાતું ગયું અને અંગ્રેજોની શુભનિષ્ઠામાંથી શ્રધ્ધા ખોતું ગયું છે. "પ્રકાશિકા":૧૯૦૮:માં બ્રિટનમાં શ્રધ્ધા ધરાવીને એમણે ગાયેલું:

"અમ હૃદય શૌર્ય-અંગાર નથી હોલાયો,
સમયે દાવાનળ સમો ઉલટશે ચાહયો!
બ્રીટનની ધજાની હેઠ અમે ઘૂમીશું,
જય જય જય જય જયકાર રણે જ કરીશું!"

બ્રિટનની ધજા હેઠળ ઘૂમવું અને શૌર્યઅંગાર પ્રજ્વલિત કરી રણક્ષેત્રે વિજય મેળવવો, એ બે ઘટનાઓ કવિને ૧૯૦૮માં પરસ્પરવિરોધી નહિ લાગી હોય. પરંતુ "ભારતનો ટંકાર" :દેશભક્તિ કાવ્યોનો સંચય, પ્ર.આ.૧૯૧૯: પ્રસિધ્ધ થયો ત્યારે ઉપર્યુક્ત "બ્રીટનની ધજા"ને સ્થાને "માતાની ધજા" શબ્દો કવિએ મૂકી દીધા હતા, તેમાં બ્રિટન સાથેનું કવિનું માનસિક દૂરત્વ જોઇ શકાય. જો કે, હજુ અંગ્રેજોમાંથી એમણે પૂરેપૂરી શ્રધ્ધા ગુમાવી નહોતી. "ભારતનો ટંકાર" ની પ્રસ્તાવનામાં ખબરદાર કહે છે: "ભારત અને બ્રિટા-નિયાનો સંબંધ... કંઇ કંઇ રાજસી અને તામસી વૃત્તિઓના ઉકળાટ છતાં સાત્ત્વિક ધર્મવિચારોને લીધે જ ઇશ્વરેચ્છાએ બંધાયો હતો અને હજી તેથી જ ટકી રહયો છે."[4] કવિ આવા વિશ્વાસને કારણે પ્રથમ વિશ્વયુધ્ધમાં

"બ્રીટનબંધુ"ને સાથ-સહકાર આપવાની વાત કરી રહ્યા છે:

"બ્રીટનબંધુ બધાને, તો, આ તેડે રણ નિજ સંગે,
ભારત કાજે વીર નવશૌરસ રેડે અંગે અંગે:
ભડકા ભડભડે હો!" :"ભારતનો ટંકાર"
પૃ. ૫૨:

આ જ કવિએ ૧૯૩૦ના ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામ સમયે "બ્રીટનને" કાવ્ય લખ્યું છે. એમાં, બ્રિટિશસત્તાને કવિએ સ્પષ્ટ આવાહન તથા આકરો ઉપાલંભ આપેલ છે. એ ઘટના કવિના તથા સમગ્ર પ્રજાના યુગપરિવર્તન સાથે પલટાયેલા મિજાજ પ્રત્યે ઇંગિત કરે છે. કવિ બ્રિટનને પ્રશ્ન પૂછે છે:

"મારા લાખેણા વીર મરાય, બ્રીટન! તારી છાતી શે પથ્થર થાય?
નહીં દમદાટી, નહીં તુજ લાઠી, નહીં તુજ બંદૂક તોપ,
આજ કશાં અહીં કામ ન આવે, વ્યર્થ જળે તુજ કોપ!"
-:"રાષ્ટ્રિકા" પૃ. ૨૦૯:

બ્રિટનની સંસ્કારિતા વિશે જ કવિને શંકા થાય છે. "તારે જ બાર શું થાય નિરંતર સ્વાધીનતાનાં ગાન"? :"રાષ્ટ્રિકા" પૃ. ૨૧૦: એવું કટાક્ષવચન કહીને ભવિષ્ય વિશે બ્રિટનને, મલબારીની પ્રસિધ્ધ પંક્તિ "સગાં દીઠાં મેં શાહ આલમનાં..."ની સ્મૃતિ પ્રેરે એવી ગર્ભિત ચેતવણી આપે છે: "કાળના ચક્રમાં ફરતા આકાશે કોનાં રહ્યાં મહારાજ્ય?" :"રાષ્ટ્રિકા" પૃ. ૨૧૦: "બ્રીટનની ધજા હેઠ" ઘૂમવાનો અભિલાષ સેવતા કવિની રાષ્ટ્રીય અસ્મિતા કેવી વિકસતી ગઇ છે તે "ભારતનો ઝંડો" :"રાષ્ટ્રિકા, ૧૯૪૦: જેવાં કાવ્યો વાંચતાં સમજાય છે:

"અહીં કોણ ડરાવે આજે? અમે છઇએ ભારતવીર:
છો ગગન ધડાકે ગાજે, કે આભ પડે અમ શીર !
...જય કરશું એક અવાજે અમ ભારતધ્વજની ધીર!" :પૃ. ૧૩૬:

ખબરદારના આરંભના સંગ્રહોમાં જ પ્રબળ દેશભક્તિનું એમનું વલણ પ્રગટ થઇ જાય છે. કવિકારકિર્દીના પ્રારંભમાં જ :૧૯૦૧: સંસારસુધારાકાળના કવિઓની ઢબે ખબરદારે પ્રશ્ન પૂછયો હતો:

"આ શી દશા રે દેશની? – જોઇ ઉકળે છે ઉર,
આંખો દીસે ફીકો પડી, ક્યાં ગયું રે નૂર?" :રાષ્ટ્રિકા, પૃ. ૧૪૧:

"ઝૂરી ઝૂરી હવે ક્યાં સુધી જોવું? ઓ હિંદ! તારું અહીં દુ:ખ શું રોવું?" :રાષ્ટ્રિકા, પૃ. ૧૪૫: ૧૯૦૨માં રચાયેલાં આ કાવ્યમાં કરૂણરસનો ઉદ્દગાર કવિએ કાઢેલો છે. એવા કેટલાક ઉદ્દગારો "ભારતનો ટંકાર"માં પણ સંભળાય છે. "...આ અમ ભારતમાતતણાં નવ આંસુ હજીય ગયાં." :પૃ. ૧૭:

"અમ શસ્ત્ર ન અસ્ત્ર ન કો, નવ વસ્ત્ર રહ્યાં તન કો
અમ રક્ષણ કાજ સદા સુણવો, પરશસ્ત્ર તણો રણકો!"

:ભારતનો ટંકાર, ૧૮:

અંગ્રેજોએ આપેલી શાંતિ કવિને સ્મશાનની શાંતિ જેવી નિર્જીવ લાગી છે:

"ધિક એ સુખ, નિર્ભયતા! ધિક એ પરમશાંતિમતા!" :એ જ, પૃ. ૧૮:

શોકભાવયુક્ત આવાં વચનો કાઢનાર કવિએ એમના કવનના પ્રધાનકાળમાં અડગ વીરતા અને વિરલ આત્મવિશ્વાસના રણકારવાળાં ગીતો રચ્યાં છે. કવિનો શોકભાવ કવિને દીનતાના અથવા લાચારીના માર્ગે પ્રેરતો નથી. દેશની દુર્દશા વિશેનો શોકભાવ કવિમાં ઉલટાનું શૌર્યત્વ પ્રેરે છે:

"હો દેવી! તુજ દ્રઢતાનો અમને દે પાશ લગાર,
મૃત પત્રો જેવા ઉડવી દે ભયના અમ સર્વ વિચાર!" :રાષ્ટ્રિકા: ૧૭૩:

દેશ માટેના ઉત્સાહનો ભાવ કવિચિત્તનો એક સ્થાયીભાવ છે. એ ભાવમાંથી ખબરદારનાં વીરરસપ્રધાન દેશપ્રીતિકાવ્યો જન્મેલાં છે. કવિ ખબરદારે નવે રસોમાં વીરરસનું પ્રાધાન્ય સ્વીકાર્યું છે. કેમ કે, "મનુષ્યહૃદયના ઉજ્જ્વલ ભાવો– સ્વાર્થત્યાગ અને સ્વભોગ– એ રસમાં પૂરા ખીલી નીકળે છે અને એ જ ગુણો ..દેશભક્તિના અચળ સ્તંભો છે." :"ભારતનો ટંકાર" ની પ્રસ્તાવના: ખબરદારની કવિતામાં દેશસ્વાતંત્ર્યની વેદી ઉપર એવાં નિ:સીમ બલિદાનો આપવાનાં ઉદબોધનો વારંવાર આવે છે:

"ભર ભર મારું ખપ્પર, ભૈયા, ઓ ભારતના વાસી !
ઘર ઘર ભીખું હરનિશ કરતી, હું જુગ જુગની પ્યાસી:
ખપ્પર ભરો ભરો હો!" :"રાષ્ટ્રિકા, પૃ. ૧૬૩:

ખબરદારની કવિતામાં વીરરસ એવો દૃઢીભૂત થતો ગયો છે કે એમાં પછી કરુણની હસ્તીનો સંભવ રહયો નથી:

"એક કેસરીની ત્રાડે તો ભરી દીસે વનવસ્તી,

એક વીરરસની મસ્તીમાં કરુણતણી ક્યાં હસ્તી?" :રાષ્ટ્રિકા,૧૬૪:

ખબરદારની કવિતામાં આર્યત્વનું ગૌરવ છે. યજ્ઞની ભાવના તો એમણે અંગીકારી લીધી જ છે; મધ્યકાલના રાજપૂતી પરાક્રમે એમને આકર્ષ્યા છે. "હર હર હર નાદે ધૂમતા" "શૂરા બાવીશ હજાર" રણધીરા રજપૂતોના શૌર્યત્વનું સુંદર બયાન "હલદીઘાટનું યુધ્ધ" એ કાવ્યમાં એમણે આપેલું છે. ખબરદારની કવિતાના ઉત્કટ પરાક્રમભાવ સાથે આર્યત્વનું ગૌરવ સહજ રીતે જ સમન્વિત થઇ ગયેલું છે:

"રણશિંગા ફૂંકાય, બધે હો!હર હર હર હર થાય!

ભર-આકાશે શબ્દ પડે ને ધધણી ઉઠે કાય." :"ભારતનો ટંકાર, ૬૬:

પરંતુ કવિ જ્યારે રાષ્ટ્ર વિશે વિચાર કરે છે ત્યારે એમની નજર સમક્ષ ભારતના બધા જ જનવિભાગો રહયા છે. કવિકારકિર્દીના છેક પ્રારંભથી જ હિંદીપણાનો ભાવ ખબરદારમાં દેખાય છે. એના ઉદાહરણ તરીકે અમદાવાદ-માં ૧૯૦૨ માં મળેલી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ સમયે કવિએ રચેલું એક ગીત જોઇએ:

"વિજયડંકા કરો આજે, મળ્યા સહુ હિન્દના જાયા!

...મુસલમિન, પારસી, હિન્દુ, વળી શિખ ખ્રિસ્તિના ઇન્દુ:

મળી સૌ એક આત્માએ દીપાવો હિન્દ હરખાયા!" :રાષ્ટ્રિકા, ૧૫૩:

કવિના ઉપર્યુકત હિંદીતાના વલણનાં ઘણાં ઉદાહરણો આપી શકાય. ભારત-ભૂમિના પુત્રો વચ્ચે ખબરદારે કોઇ ભેદભાવો નહોતા નિહાળ્યા. ૧૯મી સદી સુધીના ગુજરાતી કવિઓ વિશે એકંદરે વિચારતાં એમ લાગે છે કે એમને મન હિંદૂપણું એ હિંદીપણું હતું. અલબત્ત, હિન્દૂપણાને સહજ એવી સહિષ્ણુવૃત્તિથી પ્રેરાતા એ કવિઓને દેશની સર્વકોમોનો- મુસ્લીમ, ખ્રિસ્તી, પારસી, ઇ.- નો રાષ્ટ્રોત્થાન માટે સહકાર અપેક્ષિત હતો, તે સંસારસુધારાકાળની કવિતાની ચર્ચા વેળાએ કહેવાઇ ચૂક્યું છે. પરંતુ ૨૦મી સદીમાં તો હિન્દુ-

મુસ્લીમ ઇ. દેશના સર્વજનવિભાગોને સમાવિષ્ટ કરી દેતી "હિંદીપણા"ની ભાવના સ્પષ્ટરીતે ગુજરાતી કવિઓમાં ઉદિત થયેલી છે. હિન્દીપણાની ભાવના પ્રબળ થવાનું એક મહત્વનું કારણ ૧૮૮૫માં સ્થપાયેલી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રભાવને ગણી શકાય. દેશના હરેક પ્રદેશના તથા હરેક ધર્મના શિક્ષિતજનો દેશોદયના પ્રશ્નોની ચર્ચા કરવા માટે કોંગ્રેસની બેઠકો-માં મળતા હતા. બધાને સાથે કામ કરવાના વારંવાર પ્રસંગો પડતા હતા. એણે હિંદીતાની ભાવનાને મજબૂત કરવામાં હિસ્સો આપ્યો હોય તે સંભવિત છે. ૨૦મી સદીમાં કેશવ શેઠ જેવા ધર્મે હિંદૂ, ખબરદાર જેવા ધર્મે પારસી તથા શયદા જેવા ધર્મે મુસ્લીમ કવિએ હિંદીપણાની ભાવનાને ઉલટભેર ગાઇ છે. ગાંધીજીના આગમનપૂર્વે જ હિંદીપણાની ભાવના ગુજરાતી કવિતામાં સ્થિર થઇ ચૂકી હતી.+

પરાધીનતાનાં બંધનો-ભારતદેશને બધ્ધ કરી રહેલી હેમની તોય જડ સાંકળ કવિને અકળાવે છે. "જડ સાંકળ હેમ તણી મર સુંદર સોહ્યે ઘણી, પણ ચર્મ હણે, શુભ કર્મ ખણે..." :ભારતનો ટંકાર, ૧૮: એ જ કાવ્યસંગ્રહના "રત્નહરણ" કાવ્યમાં સ્વતંત્રતાને સીતાજીનું રૂપક આપ્યું છે. એ સીતાજીરૂપી અણમોલ રત્નને ચોરીજનાર છળકપટથી ભરેલા રાક્ષસરૂપે કવિએ અંગ્રેજોને કલ્પેલા જણાય છે:

"કોણ દૂષ્ટ આવ્યો અહીં, વીરા! કાળજ દીધું કોરી?
કોણ અમારૂં અણમોલું તે રત્ન ગયો છે ચોરી...
...મંત્રતંત્ર કંઇ કામ ન આવ્યાં, શસ્ત્રો પડયા નકામાં,
છળબળકળથી કો પલકારે ગયો હરી એ શ્યામા..":પૃ. ૨૫-૨૬:

છળબળકળયુકત અંગ્રેજોના રાક્ષસીતંત્રે ભારતના ઉત્તમ તત્ત્વને નિ:શેષ કર્યું તથા ભારતની હસતી સૂરતને રડતી બનાવી, એવી કવિએ વેદના અને રોષમિશ્રિત વાણી ઉપર્યુકત કાવ્યમાં ઉચ્ચારી છે. કવિ ખબરદારમાં ભૂતકાળનું સ્મરણ દુર્દમ્ય વીરભાવ પ્રેરે છે. એવા વીરભાવના એક નમૂના તરીકે ભારતવીરનું તણખાઝરતી વાણીમાં કવિએ દોરેલું ચિત્ર જુઓ:

+ "ચન્દ્રશંકરનાં કાવ્યો"માંથી ૧૯૧૧માં રચાયેલું "મુજ દેશબન્ધુને"કાવ્ય :પૃ. ૪૫: ઉપર્યુકત વિધાનના એક ઉદાહરણ તરીકે જોવા જેવું છે.

"તનતન તણખા, લોચનભડકા, હૈયે મરદાની હામ,
ઘૂમતા ઘોર, ઠોરઠોર, લઇને જીભે ભારત નામ:"
:ભારતનો ટંકાર,૭:

પરાધીન પ્રજાના મનોભાવમાં પ્રગટતી પ્રતિરોધપરાયણતા ખબરદારની "ભારતમાતા અને તેના કવિઓ" એ કવિતામાં પ્રગટેલી છે:

"તુજને ચ્હાતાં ફિતુર ગણાવું? તુજને સ્હાતાં પાપી?
કાપી જીભ ગળે ખૂંચવવી: દુર્ગત જતી ન માપી,
ભડકા ભડભડે હો!" :ભારતનો ટંકાર,૫૧:

ખબરદાર કયારેક ઉદ્દામ શૌર્યભાવને મધ્યકાલીન પરિવેશમાં ગૂંથે છે:

"હણહણતો હય બારણે,વીરા! પેંગડે પાય ધરો જી!
પેંગડે પાય ધરોજી, વીરા! મુહૂર્ત સમો આ ખરોજી!" :ભારતનો ટંકાર,પૃ.૬૨:

"રાષ્ટ્રિકા"માં "ભારતનો ટંકાર" સિવાયનાં કવિનાં બધા જ રાષ્ટ્રભક્તિ-નાં કાવ્યો સમાવવામાં આવ્યાં છે. અંગ્રેજ કવિ ટેનીસનની જેમ ખબરદાર પણ માને છે: &"The song that nerves a nation's heart is in itself a deed." .. .. .. ગુજરાતને સ્પંદિત કરી ગયેલાં "સંદેશિકા" :૧૯૨૫: નાં "ગુજરાતનો યજ્ઞકુંડ," "ઓ ગુજરાત!ઓ ગુજરાત!" અને "દેવીનું ખપ્પર" કાવ્યોને એ પ્રકારનાં ગણી શકાય.

અહિંસક સત્યાગ્રહની ભાવના હૃદય પામી એ પહેલાં "ભારતનો ટંકાર" માં " હે ભારતના લડવૈયા !તગતગતી તમ તરવાર" નાં ગીતો ગાનાર કવિ "મોહનની નવબંસી" સાંભળ્યા પછી ભારતના સ્વાતંત્ર્યયુધ્ધ વિશે કહે છે:

"થભો,થભો! રવિ,શશી,તારા,સૂરવર,મુનિવર, થભો!
જગતે જુધ્ધ ન જોયું કદી તે જોવા ઘડીભર થભો!" :રાષ્ટ્રિકા,૨૧૬:

---

+ ખબરદારનાં ગાંધીવંદનાનાં તેમજ ગુજરાતપ્રીતિનાં કાવ્યોની ચર્ચા અલગ પ્રકરણોમાં કરવામાં આવી છે. પોતાની સમગ્ર કવિકારકિર્દી દરમિયાન ભારતનો ટંકાર કરનાર ખબરદારના જેટલાં રાષ્ટ્રપ્રીતિ :તથા ગુજરાત-પ્રીતિ: નાં વિપુલસંખ્ય કાવ્યો બીજા ગુજરાતી કવિએ કદાચ રચ્યાં નથી.

ગાંધીજીની આગેવાની નીચે દક્ષિણ આફ્રિકામાં થયેલા સત્યાગ્રહને બહુ ઓછી વાર કાવ્યવિષય બનાવાયો છે. એ વિશેનું એક કાવ્ય "ટ્રાન્સવાલમાં ત્રાસ અને ગુર્જરવીરત્વ" ખબરદારે રચ્યું છે:

"હે બ્રિટનના યશરક્ષકો! સ્વાતંત્ર્યના ઉરભક્ષકો!
વિષવિષ ભીડે અમને પીડે
આ ટ્રાન્સવાલી તક્ષકો! + :રાષ્ટ્રિકા, ૬૧:

કર્તવ્યરતતાનાં તથા વર્તમાનને પ્રબળ પુરૂષાર્થ વડે ભરી દેવાનાં, નર્મદના સમયથી શરૂ થયેલાં Act act in the living present ... નાં ઉદ્બોધનો ખબરદારની કવિતામાં મળે છે:

"ભૂતતણાં સ્વપ્ન સૌ મોંઘાં, ભાવિતણાં પણ મીઠાં,
પણ આ આજતણાં કર્તવ્યો કેમ કરે અણદીઠાં?
ચલ ચલ, વાગ્યા રણડંકા હો!" :રાષ્ટ્રિકા, ૨૨૧:

મર્દાનગીભર્યા ભાવોને બલિષ્ઠતાભરી ગુજરાતી ભાષામાં વેધક રીતે અભિવ્યક્ત કરવામાં ખબરદારની કવિ તરીકે એક સિદ્ધિ રહેલી છે:

"ઘેરા ગગનને ફોડતી, પાતાળનાં પડ તોડતી,
આવો પ્રમત્ત ગજાવિયે રણહોરી જગઝંઝોડતી!" :રાષ્ટ્રિકા, ૬૧:

ખબરદારે નર્મદ, દાદાભાઈ, ફિરોઝશાહ મહેતા, મલબારી, ગાંધીજી ઇ. વિશે કેટલાંક અંજલિગીતો રચ્યાં છે. એમાં, ખબરદારની તે તે વ્યક્તિ પરત્વેની ભક્તિએ રાષ્ટ્રભક્તિનું સ્વરૂપ પ્રાપ્ત કરેલું છે.

ખબરદારનાં વીરરસનાં કાવ્યોમાં લાગણીની તીવ્રતા છે. પરંતુ વીરરસની અભિવ્યક્તિમાં ન્હાનાલાલની એવા પ્રકારની કવિતાની ઊંચી સપાટી ખબરદાર સિધ્ધ કરી શક્યા નથી. લગભગ પચાસેક વર્ષના લાંબા ગાળા દરમિયાન એમની દેશભક્તિકવિતા રચાયેલી છે. લાંબે ગાળે, ખાસ કરીને ૧૯૩૦ પછી, ખબરદારની દેશભક્તિ કવિતા એક ચરેડમાં પડી જતી લાગે છે. "સાવધાન, સાવધાન" તથા "મરી ફીટો" ના પોકારો, જયજયકારો, વારંવાર પ્રગટાવાતા "ભડભડ ભડકાઓ", આ પ્રકારની કવિતામાં કદાચ દુર્નિવાર્ય એવી એકવિધતાની છાપ ઊભી કરે છે. કવિએ અંદરના ધક્કા

:અર્જ: થી પ્રેરાઇને નહિ પણ જમાનાની માગને કારણે દેશપ્રીતિની કવિતા લખી હોય એવો પણ કવચિત્ વહેમ પડે છે. આમ છતાં, સુન્દરમે નોંધ્યું છે એમ, ખબરદારનાં દેશપ્રીતિનાં કાવ્યો "ખબરદારની કવિતાપ્રવૃત્તિનું એક સૌથી વિશેષ તેજસ્વી પાસું બન્યાં છે," [૪] તે નિ:શંક. રાષ્ટ્રપ્રીતિના ગૌરવવંતા વિષયની કવિએ ચૈતન્યથી છલકાતી વાણીમાં અનન્ય પ્રેમભાવપૂર્વક માવજત કરી છે. આપણી "પુરાણ પવિત્ર" માતૃભૂમિના ખબરદારે ગાયેલા ગૌરવગાનનો પ્રોત્સાહક રણકાર ગુર્જરકાવ્યક્ષેત્રે સંભળાયા કરે છે:

"અમે ભરતભૂમિના પુત્રો! અમ માત પુરાણ પવિત્ર,
રે જેનાં સુંદર સૂત્રો ઝળકાવે દિવ્ય ચરિત્ર." :રાષ્ટ્રિકા, ૧૨૫:

## :૨: <u>પંડિતયુગના કેટલાક ગૌણ કવિઓ</u>

પંડિતયુગના કેટલાક ગૌણ કવિઓનું સર્જન રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાના પ્રવાહને સતત વહેતો રાખવામાં મદદરૂપ થયેલું છે. એમાંના કેટલાક કવિઓની કવિતાનાં મૂળ પંડિતયુગમાં રહેલાં છે, એટલું જ, બાકી ગાંધીયુગ પ્રવર્તવાની સાથે એ યુગની ભાવનાઓ એમણે ઉત્સાહભેર ઝીલી હતી. રાષ્ટ્રીય અસ્મિતાની એમની કવિતાના પૂર્વાર્ધનું પંડિતયુગ સાથે તો ઉત્તરાર્ધનું ગાંધીયુગ સાથે સંધાન થયેલું છે. વીસમા સદીના પહેલા બે દસકાઓ દરમિયાનની- અર્થાત્, ગાંધીજીના ભારતીય રાજકારણમાં થયેલા સક્રિય પ્રવેશ પૂર્વેના કાળની રાષ્ટ્રીય અસ્મિતાની અવસ્થાનો ચિતાર એ સૌ કવિઓની કવિતામાંથી મળે છે. લલિતની કવિતામાંથી તો બંગભંગના સમયથી આરંભીને ભારતીય આઝાદીના આગમન સુધીની – વીસમી સદીના લગભગ પૂર્વાર્ધની- આપણી પલટાતી તથા વિકસતી રાષ્ટ્રીય અસ્મિતા વિશેની રસિક સામગ્રી મળી રહે છે. આમાંના લગભગ બધા જ કવિઓએ બ્રિટિશ શાસનમાં શ્રધ્ધા ધરાવતા માનસ સાથે કાવ્યસર્જનની શરૂઆત કરેલી. પરંતુ કાળના પરિવર્તનશીલ વહેણ સાથે એ શ્રધ્ધા નામશેષ થઇ હતી.

પંડિતયુગના કેટલાક ગૌણ કવિઓની રાષ્ટ્રભાવની કવિતાનું હવે થોડુંક વિગતે અવલોકન કરીએ.

૧. મગનભાઇ ચતુરભાઇ પટેલના કાવ્યસંગ્રહ "કુસુમાંજલિ" :૧૯૦૯:+ ના એક કાવ્યમાં ભારતદેશને રિધ્ધિસિધ્ધિવંતો જોવાની કરોડો ભારત-વાસીઓનાં અંતરોમાં રમતી ઝંખનાને સુંદર રીતે મૂર્તિમન્ત કરાઇ છે:

"એક દિન એવો આવશે

જ્યારે અમીઝરણો ઝરંતાં પૃથ્વીનેય પલાળશે

...મરૂદેશના જેવી ઉજડ ભૂમિ સર્વ ભારત વર્ષની

ફલફૂલથી લચી સુંદરી સમ એકલી અહીં મ્હાલશે."

અહીં કવિની નજર ભારતના દુ:ખદ વર્તમાન ઉપરથી ખસીને ઉજ્જ્વળ ભાવિ વિશે મંડાયેલી છે. ભારતના તેજોમય ભાવિ વિશેની કવિની આ આશાને આકાંક્ષિત વિચારણાનો એક નમૂનો ગણી શકાય. ગુજરાતનો કવિ ક્યારેક ભારતના ઉજ્જ્વળ ભાવિ તરફ દ્રષ્ટિ દોડાવે છે. ક્યારેક વળી ભારતના ભૂતકાળ તરફ નજર નાખીને કવિ "પરિમલ"ની જેમ મુગ્ધ મનોભાવપૂર્વક અશક્યવત્ માગણી કરી બેસે છે: "પ્રભો! જેવું હતું તેવું ફરી ભારત બનાવી દો!" ભારતના ગ્લાનિજનક વર્તમાનથી રંજનો ડંખ અનુભવતું આપણું કવિ-માનસ હિન્દના ગતકાળ અને ભવિષ્યકાળ વચ્ચે જાણે કે ઝોલાં ખાધાં કરે છે.

૨. ચન્દુલાલ મ. દેસાઇ :"વસન્તવિનોદી": ના "ટહુકાર":૧૯૧૯: સંગ્રહનું "જનનીસેવનનો મધુમધુરો અવસર ક્યાં મળે રે" એ કાવ્ય ખૂબ જનપ્રિય બન્યું હતું. "અમ્હે તો હિન્દના બન્દા", "અમે તો ભરતભૂમિનાં બાળ", "જય!જય! હિન્દબાલ આપણ હો!" જેવાં દેશભક્તિનાં કેટલાંક જુસ્સાદાર કાવ્યો વસન્તવિનોદીએ રચ્યાં છે. "ટહુકાર"ના સમયગાળાની આસપાસ રચાયેલાં દેશભક્તિનાં કાવ્યોમાં સ્વરાજ્યપ્રાપ્તિનો આગ્રહ, સ્વાતંત્ર્યપ્રાપ્તિ અર્થે બલિદાનો આપવાની અને જીવસટોસટની લડાઇ લડી લેવાની વૃત્તિ દેખાય છે. ભાષણો, ઠરાવો અને વિનતિપત્રોથી આઝાદી નજીક નથી આવવાની એની પ્રતીતિ ગુજરાતના કવિઓને હવે થઇ ચૂકી હતી, એ નીચેની પંક્તિઓ દ્વારા સ્પષ્ટ થશે:

---

+ ભીમરાવનો આ જ નામનો સંગ્રહ છ વર્ષ પૂર્વે પ્રગટ થઇ ચૂક્યો હતો.

"દેશભક્તિ રમત છે મોંઘી,
...જીવસાટાનું કારજ કપરૂં, બકવાદે નહિ બનશે,
ભય દેખીને ડાહ્યાં થતાં તે કેસરિયાં ક્યમ કરશે?"

૩-૪: કવિ બોટાદકર મુખ્યત્વે પ્રકૃતિ,ગ્રામજીવન તથા સ્નેહજીવનની માધુરી ગાનાર કવિ છે. માતૃભૂમિનું સ્તવન એમણે કવિતાની એક ગૌણ પ્રવૃત્તિ લેખે કર્યું છે. જોકે, બોટાદકરનાં "ગ્રામજીવન તેમજ આર્યસંસારનું સૌંદર્ય દેખાડનારાં કાવ્યો તત્ત્વમાં ઊંડી સ્વભૂમિપ્રીતિનાં પરિણામ કહેવાય" એવો શ્રી. અનંતરાય રાવળનો મત સાચો છે.[૫]

બોટાદકરે એક કાવ્યમાં ભારતજનોને દેવતાઓને પણ જેના વિમળ ઉત્સંગમાં ખેલવાની ઇચ્છા થાય તેવી માતૃભૂમિની વંદના કરતાં દર્શાવ્યાં છે:

"અમે એ હિંદ માતાના ઉમંગી અર્ભકો સાચા,
... ભલે જાતે અમે જૂદા, ભલે ધર્મે રહ્યા જૂદા,
પરંતુ માતને માટે અનેરા ઐક્યથી ઊભા."

નાતજાત તથા ધર્મના ભેદભાવો ભૂલીને રાષ્ટ્રીય ઐક્ય સિધ્ધ કરવું એ ભાવનો ઝબકારો ૧૯મી સદીની કવિતામાં થતો દેખાય છે. પરંતુ વીસમી સદીની કવિતામાં, વિશેષે ગાંધીજીના પ્રભાવ નીચે સર્જાયેલી કવિતામાં એ ભાવ સ્થિરમૂલ થતો જણાય છે. આમ તો દલપતરામના વારાથી ગુજરાતી કવિઓ ઐક્યના અભાવની ભારતીય પ્રજાની એક નબળાઇથી સારીરીતે વાકેફગાર રહયા છે. માટે તો "સંપ ત્યાં જંપ" એવા ઉપદેશનું ગુજરાતી કવિતામાં વિવિધરીતે કથનપુનર્કથન થતું રહયું છે. "હિંદની હાલત":૧૯૦૪:ના કર્તા પંડયા કૃપાશંકર ઝીણાભાઇએ પણ ભારતમાંનાં વિભેદક બળો પ્રત્યે સંસારસુધાર કાળની કવિતાની પધ્ધતિએ ધ્યાન દોર્યું છે. કૃપાશંકરે દોરેલું નીચેનું ચિત્ર આજે પણ તદ્દન વાસી થયેલું નહિ લાગે:

"ઘર ઘર પાઘ જૂદી પાઘડી મળે ન એક,
ભાષા મહીં ભેદ ઘણાં ટીલડાં તણાય છે,
દેવ દેવી ભેરવ ને ક્ષેત્રપાળ હનુમાન,
તેમાં પણ તડ અને ખોદણાં ખણાય છે."

૫-૬: હિન્દુ-મુસલમીન એકતાના વિષયનું નિરૂપણ ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાંથી ભારતમાં થયેલા આગમન બાદ ગુજરાતી કવિતામાં વિશેષત: થવા લાગ્યું હતું. શયદાના "જયભારતી" :૧૯૨૨: માં એક મુસ્લીમ કવિને હાથે પ્રસ્તુત વિષયનું નિરૂપણ થયું છે, તેને એ વિષયની વધતી જતી અપીલનું એક ઉદાહરણ ગણી શકાય. શયદાને હિન્દુ-મુસ્લીમ બન્ને સમાન રીતે જ મા ભારતીને શરણે દેખાયાં છે. હિન્દુઓ મુસ્લીમોની ધર્માંધતાને નીંદે છે, પણ હિંદુઓમાં કુસંપ થયો એટલે મુસલમાનો ફાવી ગયા. પોતાના આવા દોષને લક્ષમાં લીધા વિના હિન્દુઓ વડે થતી મુસ્લીમનીંદા કવિના મતે, "અન્યાય છે અન્યાય છે." શયદાને તો અકબરે મૂળ પોષેલી એકતાની વેલી વર્તમાનકાળમાં નવપલ્લવિત થઇ રહેલી જણાઇ છે. મુસ્લીમોના ભારત સાથેના દૃઢ સંબંધોને કવિએ ભાવનાત્મક આવેશપૂર્વક રજૂ કર્યાં છે:

"મકબરા જઇને જુઓ જેમાં સુતા સુલ્તાન છે,
કબ્રથી કહેશે અમારો દેશ હિંદુસ્તાન છે,
...જીંદગી આખી લડાવ્યા લાડ હિંદુસ્તાનને,
છેવટે અર્પણ કર્યાં છે હાડ હિંદુસ્તાનને."

હિન્દુ-મુસ્લીમ એકતા વિશેની પોતાની દૃઢ પ્રતીતિ કવિએ આ રીતે દર્શાવી છે:

"હિંદુ મુસલમાં નામ જૂદાં, હિન્દના સૌ બાળ છો,
નથી કોઇ જૂદા કોઇથી, સૌ એક વૃક્ષે ડાળ છો."

પ્રતાપોજ્જવલ પ્રાચીનકાળનું વર્ણન કરીને પ્રચલિત કવિપધ્ધતિ પ્રમાણે શયદાએ ભારતની તત્કાલીન દીનતાનું કવિચાતુરીભર્યું કેટલુંક વર્ણન કર્યું છે. વર્તમાનકાલીન પામરતાનું ચિત્ર ક્યારેક તો ભારતવાસીને ચાનક ચડાવવા માટે અપાયું હોય એવું જણાય છે. એ ચિત્ર વિવિધપેરે અપાયું છે. "મણિકાન્ત કાવ્યમાળા" :આ. ૩, ૧૯૧૬: ના એક જમાનાના લોકપ્રિય કવિ મણિકાન્તે :શંકરલાલ મ. પંડયા: કેંક વર્ષોની નિદ્રામાંથી જાગૃત થતા ભારતવાસીને મા ભારતીને ભૂતકાળનું સમૃધ્ધ ભારત ક્યાં વિલીન થઇ ગયું? એવો પ્રશ્ન પૂછતો દર્શાવ્યો છે:

"મંદિર સુંદિર ક્યાં છે? માતા આપણું,
નંદન વન સમ વાડી ના દેખાય જો."

ઉપર્યુક્ત પ્રકારનાં નિરૂપણોમાં ભૂત-વર્તમાન વચ્ચેનું વૈષમ્ય પ્રગટ કરીને ભારતવાસીને દેશની પ્રવર્તમાન અધોગતિને દૂર કરવા માટે ઉત્સુક કરવાનો કવિનો મનોભાવ સામાન્યતયા જોઇ શકાય છે.

૭. ગાંધીજીના આગમન પૂર્વેની વીસમી સદીની ગુજરાતી કવિતામાં ઉત્કટ આરત ભરેલી દેશપ્રીતિનો સૂર ભાગ્યે જ સંભળાય છે. "અર્વાચીન યુગે ધર્મ સમાયો દેશભક્તિમાં", એવું માનનાર ચંદ્રશંકર પંડયાની કવિતામાં એવો સૂર સંભળાય છે.+ વીસમી સદીના આરંભના બે દસકાની રાષ્ટ્રપ્રેમની કવિતામાં ચન્દ્રશંકરે સેવ્યો છે એવો મર્દાનગીનો તથા કુરબાનીનો ભાવ ખબરદારના આગમન સુધી સેવાયેલો દેખાતો નથી. ચન્દ્રશંકરના જીવન તથા કવનનો એક "પ્રિયતમ અભિલાષ" હતો:- "મન્દ બનેલાં હિન્દબાલને ચેતનમસ્ત બનાવું."

પ્રજા તરીકે આપણે દુર્બળતા તથા પરવશતાનો ભાવ અનુભવતા હતા, એવું ૧૯મી સદીની ગુજરાતી કવિતા વાંચતી વેળાએ સામાન્ય રીતે પ્રતીત થાય છે. જ્યારે ચન્દ્રશંકરનાં કાવ્યોમાં પ્રજા તરીકેની સ્વ-શક્તિનિર્ભર આત્મશ્રધ્ધાનો નવીન જ રણકો સંભળાય છે. "હમારા રાષ્ટ્રીય ચેતનનો અનિવાર્ય પ્રવાહ" કાવ્યમાંથી એનું એક ઉદાહરણ લઇએ:

"હવે શી ખ્યા- હમારૂં છે હમારા હાથમાં ભાવી,
નથી સ્વાશ્રય વિના કોદી હમારી ઉન્નતિ થાવી."

આરંભમાં, રાનડે, ફિરોઝશાહ તથા ગોખલેને રાજકીય વિચારોમાં ચન્દ્રશંકરે માર્ગદર્શકો તરીકે સ્વીકાર્યા હતા. લાલ-બાલ-પાલની સ્વદેશભક્તિ પ્રત્યે એમને આદરભાવ હતો, પરંતુ એ ત્રિપુટીની રાજકીય કાર્યપધ્ધતિ તરફ એમને સહાનુભૂતિ નહોતી. એ અવસ્થામાં પણ બંગભંગની લડતે પ્રેરેલી કુરબાનીની ભાવના એમને સ્પર્શી ગયેલી લાગે છે: "માતૃયજ્ઞવેદિમાંહિ હોમો જાતને!" બંગભંગ પછીના સમયમાં ચાલેલી હોમરૂલની ચળવળથી ચન્દ્રશંકર

---

+ "ચન્દ્રશંકરનાં કાવ્યો", ૧૯૪૨, સંપા: ડો. કાન્તિલાલ પંડયા.

પ્રભાવિત થયા હતા. ૧૯૧૭-'૧૮માં એ લડતના પ્રભાવ નીચે એમણે ગાયેલું: "હકભર લેશે હોમરૂલ હિન્દ તો હવે!" આમ છતાં, પ્રથમ વિશ્વયુધ્ધ ચાલતું હતું ત્યાં સુધી, અંગ્રેજોમાંથી એમણે સદંતર શ્રધ્ધા ગુમાવી નહોતી. બ્રિટિશરોના છત્ર નીચે દેશોન્નતિ કરવાનો એમનો મનોભાવ હતો. બ્રિટન તરફના સદ્ભાવને કારણે જ જર્મની સામેના બ્રિટનના વિજયમાં ચન્દ્રશંકરને ધર્મ, શાંતિ તથા શૌર્યનો – અરે ખુદ ભારતનો વિજય દેખાયો હતો. "સંસ્કૃતિના શાંતિયજ્ઞને વ્યસ્ત" કરતાં "વિકરાલ કાલ કેસર"નાં કૃત્યો પ્રત્યે તિરસ્કારનો ભાવ વ્યકત કરીને એમણે "હિન્દબાલ"ને આવી સલાહ આપી હતી:

"સામ્રાજ્યસેવામાંહી બન્ધુ! સર્વ આપજો,
યશ્ઘોષ ભારતમાતનો જગે ગજાવજો." :પૃ.૭૯:

૧૯૧૪માં ઉપર્યુકત શ્રધ્ધા ધરાવનાર કવિ ગાંધીજીના આગમન બાદ ભારતની વ્યવહારસૃષ્ટિ અને ભાવસૃષ્ટિમાં આવેલા પરિવર્તનને અનુવર્તીને ૧૯૨૧માં મુક્તિનો મંત્ર ગુંજતા થયા હતા:

"સુનેરી કૈંક પિંજરો સુહાય મુક્તિનામી,
ના મોહીએ પ્રલોભને-ગુલામી તે ગુલામી,
...મુક્તિપ્રેમ-મુક્તિધર્મ :મુક્તિધૂન જામી." :પૃ.૧૬૨:

પૂર્ણસ્વાતંત્ર્યની પ્રાપ્તિ અહિંસક અસહકારની લડત દ્વારા જ શકય બનશે એમ ચન્દ્રશંકર માનતા થયા હતા. ૧૯૨૧મા એમણે પૂર્ણપ્રતીતિરૂપે કહેલું:

"સ્વતંત્રતા વિણ નહીં છે હિન્દ તણો ઉધ્ધાર,
સ્વતંત્રતાનું સાધન સાચું શાન્ત જ અસહકાર." :પૃ.૧૬૩:

દેશનું રાજકારણ જ્યારે નરમ અને ગરમ એવા બે વિભિન્ન પક્ષોમાં વહેંચાયેલું હતું ત્યારે દેશની સમગ્ર શક્તિને, બધા ભેદભાવોથી પર બનીને, રાષ્ટ્રહિતાર્થે સમન્વિત સ્વરૂપમાં પ્રયોજવાની વિશાળ દૃષ્ટિ ચન્દ્રશંકર પાસે હતી(૧૯૧૧ માં):

"સુધારક કે રુઢિરક્ષક! ભલે મિતવાદી કે ઉદ્દામ,
રૂચે જે તે ભલે હોયે!-જુદાઇ તેથી શાને આમ?" :પૃ.૪૫:

આપણે સૌ હિન્દીઓ છીએ, બધા જ પ્રકારના ભેદભાવો ભૂલીને આપણે સૌએ એક વિશાળ રાષ્ટ્રીય ભૂમિકા ઉપર કામ કરવાનું છે, એવો →

આપણે સૌ હિન્દીઓ છીએ, બધા જ પ્રકારના ભેદભાવો ભૂલીને આપણે સૌએ એક વિશાળ રાષ્ટ્રીય ભૂમિકા ઉપર કામ કરવાનું છે એવો ભાવ વીસમી સદીના પ્રારંભથી જ પ્રબળ થવા માંડયો હતો, એનો ઉલ્લેખ આગળ થઇ ચૂકયો છે. ચન્દ્રશંકરની કવિતામાં એવો હિન્દીપણાનો ભાવ દેખાય છે:

"ભલે હો હિન્દૂ-મુસલમાન! ભલે હો પારસી-કીરસ્તાન!
પરંતુ,બન્ધુ! એ સૌયે નહીં શું હિન્દનાં સંતાન?" :પૃ. ૪૫:

૧૯૧૧માં જ આવો ભાવ પ્રગટ કરનાર કવિ ૧૯૩૧માં નીચે મુજબ ગાય તે ખૂબ સ્વાભાવિક લાગે છે:

"તું હિન્દૂ હો,હો મુસ્લીમ તું,વતન-વન્દન પ્રથમ કરજે,
જો જન્મ્યો હોય હિન્દે તું, ભલું એનું પ્રથમ ધરજે." :પૃ. ૧૯૭:

વીસમી સદીના પ્રારંભના બે દસકાઓની કવિતા વાંચતાં જણાય છે કે ગાંધીજીને પોતાનું કાર્ય આરંભવા માટે વિશાળ રાષ્ટ્રીયભાવનાની એક લગભગ તૈયાર ભૂમિકા પ્રાપ્ત થઇ હતી. ભારતીય પ્રજામાનસ પણ અંગ્રેજોની શુભનિષ્ઠામાંથી શ્રધ્ધા લગભગ ખોઇ બેઠું હતું. અત્યાર સુધી અંગ્રેજોમાં શ્રધ્ધા રાખી એમાં તો ભારે છેતરાયા એવો ભાવ સામાન્યરીતે અનુભવાતો હતો. જલિયાંવાલાબાગની કતલ પછી તરત જ લખાયેલા કાવ્યમાં ચન્દ્રશંકરે એ ભાવનો પડઘો પાડયો છે:

"બ્રિટિશ લોકમાં શ્રધ્ધા જ રાખી,
હિન્દ બીચારૂં થઇ ગયું ખાખી." :પૃ. ૧૩૩:

વીસમી સદીના આરંભથી માંડીને પ્રથમ વિશ્વયુધ્ધના અંત સુધી પ્રમાણમાં મંદ વહેતા રાષ્ટ્રીય અસ્મિતાના કાવ્યપ્રવાહમાં ચન્દ્રશંકરનું અર્પણ મૂલ્યવાન ઉમેરારૂપ છે. એમની કાચી જણાતી કાવ્યબાનીમાંય દેશજાગૃતિ માટેનો તલસાટ, આશા, ઉત્સાહ, વીરતા તથા તીવ્ર દેશદાઝનો સંચાર અનુભવી શકાય છે.

૮. લલિત, કે.હ.શેઠ, ત્રિભુવન વ્યાસ ઇ. પંડિતયુગ તથા ગાંધીયુગની મિલનસરહદે ઊભેલા કવિઓ છે. એમની સર્જનપ્રવૃત્તિનાં મૂળ પંડિતયુગમાં નખાયેલાં છે. પરંતુ એમનું કાવ્યસર્જન ગાંધીયુગની ભાવનાઓથી પૂરેપૂરું

રંગાયેલું જોવા મળે છે. એમાં ય ત્રિભુવન વ્યાસ તથા કેશવ શેઠની કવિતા તો પંડિતયુગની નહિ પરંતુ ગાંધીયુગની ભાવનાઓને અભિવ્યક્તે છે. :જુઓ આ પ્રકરણનો પેટા વિભાગ-૩:

પંડિતયુગમાં કાવ્યસર્જનની શરૂઆત કરનાર લલિતે :જન્મશંકર મહાશંકર બૂચ: ૧૮૭૭-૧૯૪૬: છેક ગાંધીયુગના અંત સુધી દેશના અભ્યુદય વિશેનાં કાવ્યો રચ્યાં છે.+ દેશભક્તિ એ લલિતના કવનનો એક વિષય સતત રહયો છે.

દેશના ઉત્કર્ષ અર્થે સુખી ગૃહજીવનને લલિતે આવશ્યક સમજ્યું છે. "ગુણિયલ ગૃહદેવી." જ્યારે બંધનયુક્ત અવસ્થામાં હોય, નારીની અવહેલના જ્યારે નર કરતો હોય ત્યારે "વીર બાલબાલા દૂધમલ અવતરે હિન્દમાં ક્યાંથી?" એવો પ્રશ્ન લલિતજીએ પૂછયો છે. "અમે તો વસુન્ધરાના વીર! અમારો ધર્મ થવું રણધીર!"- એ રીતે વીરધર્મ કવિ સમજાવે છે. પણ એ વસુન્ધરાના વીર "લાડઘેલી જનની જાયા" છે તે કવિ વિસરતા નથી. સમાજમાં નારીના ગૌરવભર્યાં સ્થાન સાથે દેશનો અભ્યુદય કવિને સંકળાયેલો જણાય છે. કુટુંબભાવ સાથે દેશપ્રીતિને સહજ રીતે ગૂંથી દેવાની લલિતની એક આગવી વિશેષતા છે. દેશપ્રીતિને કુટુંબવત્સલતાના એક વિશાળ સ્વરૂપ તરીકે કવિએ નીરખેલ છે. ક્વચિત કુટુંબભાવ, દેશભક્તિ અને પ્રભુપ્રેમના તાણા-વાણા લલિતની કવિતામાં ગૂંથાયેલા જોવા મળે છે:

"જનેતા જન્મભૂમિ ને પિતા પ્રભુ અમારે!
મીઠાં માબાપની સેવા સહોદરને અમારે !" :પૃ. ૫૪:

ભારતવાસીઓને "આત્મ-બળ ઉજાસથી" બધું ઉજાળવાની "જન્મભૂમિનું જયમંગલ" કરવાની, "સત્ય અર્થે સજ્જ" થવાની તથા "અભય" કેળવવાની સલાહ કવિએ ઘણી વહેલેરી :૧૯૦૪: માં આપી હતી. ભારતવીરની મનની મથામણો લલિતે આલેખી છે. એમાંની એક મથામણ જાતને સ્વદેશ કાજ હોમવા વિશેની પણ છે. ૧૯૦૪ના સમયની ગુજરાતી કવિતાને લક્ષમાં લેતાં આવી મથામણ આશ્ચર્ય ઉપજાવે એવી લાગે:

---

+ "લલિતનો લલકાર", ૧૯૫૧, લલિતનાં કાવ્યોનો સંપૂર્ણ સંગ્રહ.

"પરિસ્થિતિ પલટાવિયે? પ્રવૃત્તિયજ્ઞ યોજિયે?
જાતને સ્વદેશ કાજ, કાં ન હોમિયે?" :પૃ. ૧૯:

"દેશમૈયાનું સ્વરાજ્ય-મંદિર" :૧૯૦૯: માં બંગભંગની લડતનો પ્રભાવ દેખાય છે:

"દીન દેશ મૈયા! ન દુભા, ન દુહાગણ રહીશ લગીર!
દેવ-દીધેલ દુધમલની જનની! અમે હવે ન સગીર!
...એક આંસુ, મા! છે બસ: તુજ, અમ સ્હાવા અગણિત શિર!
તલગત પત્થર થઇ, ધરિયે, સ્થિર તુજ મૈયા !મંદિર!"

આમાંની છેલ્લી પંક્તિ એને મળતી પણ પાછળથી રચાયેલી દેશળજીની એક પંક્તિનું સ્મરણ પ્રેરે છે: "પૂરાતા પાયાના ચણતરમહીં પથ્થર થવું: અમર ઇતિહાસે ભળી જવું."

મોડરેટોના અંગ્રેજ સરકાર સાથેના વ્યવહારના પાયામાં ભારતીય પ્રજાની નિર્બળતાનો જાણે કે સ્વીકાર રહેલો હતો. "ડીઝર્વ બીફોર યૂ ડીઝાયર", એ ભારતીય પ્રજા માટે એમનું સૂત્ર હતું. સ્વરાજ્ય માટેની ભારતીય પ્રજાની બહુ ઓછી પાત્રતા એમને જણાતી હતી. જ્યારે ભારતીય ઉદ્દામવાદીઓની લડત પ્રજાની નિર્બળતાના સ્વીકારમાંથી નહિ, પરંતુ ભારતીય પ્રજાની પાત્રતા તથા શક્તિના સ્વીકારમાંથી જન્મેલી હતી. "અમે હવે ન સગીર" એ લલિતની પંક્તિમાં દેશવાસીઓની સ્વશક્તિ વિશેની જાગૃત થતી જતી સભાનતા દેખાય છે. આનો અર્થ અલબત્ત એમ નથી ઘટાવવાનો કે લલિત ઉદ્દામ મનોવૃત્તિના હતા તથા બ્રિટિશસામ્રાજ્ય સાથે વિચ્છેદના હિમાયતી હતા. લલિતે બ્રિટિશરાજવીને તો પુરાણા ભારતવર્ષના એક લોકહિતસ્વી ચક્રવર્તી જેવો "હસ્તિનાપુરમાં રાજ્યારોહણનો મહોત્સવ" નામના લાંબા વર્ણનપ્રધાન કાવ્યમાં આલેખ્યો છે.[૬] ભૂતકાળના આર્યાવર્તના કોઇ પ્રજાવત્સલ રાજવી :બેનીવોલન્ટ રૂલર: તરીકે પંચમ જ્યોર્જને કવિએ જોયા છે. બ્રિટિશ રાજવી-રાજ્ઞીને "હિન્દી રાજે-દમ્પતી" તરીકે એમનાં હિન્દીપણા ઉપર ભાર મૂકીને, કવિએ ઓળખાવ્યાં છે. ભારતીય પ્રજા એ બ્રિટિશરાજ્યની ગુલામપ્રજા છે એવો ભાવ કવિના મનમાં જાગેલો હોય એવું દેખાતું નથી. "બ્રિટન પણ અમ બન્ધુજન" એવી માન્યતા ધરાવતા

ધરાવતા કવિને હિન્દ-બ્રિટનનો પ્રભુરચિત રત્નકાંચનયોગ થયેલો જણાયો છે.[૭] હિન્દ-બ્રિટન વચ્ચેના "અબન્ધ બન્ધન"ના સંબંધને કારણે "દેશોદયની ઉષા", "મનોહરી", ઉજ્જવલ" તથા "દિલભર" ઉદિત થશે એવી લલિતને શ્રધ્ધા છે. ન્હાનાલાલની જેમ "હિન્દની પ્રાચીનતા ઝીલજો!" એવી સલાહ લલિતે બ્રિટનને આપી છે. ભારત સાથે "વ્હાલવિનય"નો વિનિમય કરવાનું પણ કવિએ બ્રિટનને સૂચવ્યું છે. બ્રિટિશ શાહીવાદની આર્થિક શોષણખોરી પ્રત્યે દુર્લક્ષ કરતી કવિની દષ્ટિ મુગ્ધ મહોભાવની છે તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

પ્રથમ વિશ્વયુધ્ધના આરંભ સુધી તો પંડિતયુગના નોંધપાત્ર કવિઓએ "ઉદારદિલ" બ્રિટન માટે આદરભાવ અનુભવ્યો છે. "હોમરૂલ"ની લડત શરૂ થયા પછી એ ભાવ ધીમે ધીમે ઓસરતો ગયો છે. ૧૯૦૨માં રાજા એડવર્ડનું રાજ્યારોહણ, ૧૯૦૫માં યુવરાજ જ્યોર્જનું હિન્દમાં આગમન, ૧૯૧૧માં બ્રિટનના રાજવીનું ભારતમાં પ્રથમવાર જ થયેલું આગમન- આ બધી ઘટનાઓનો બ્રિટિશરાજ્ય તરફનો સાનુકૂળ પડઘો ગુજરાતી કવિતામાં પડયો છે. પરંતુ ૧૯૨૧માં બ્રિટનના યુવરાજનું ભારતમાં આગમન થયું ત્યારે બ્રિટનને ચરણે ઉમળકાનો અર્ધ્ય ધરવા માટે ગુજરાતી કવિઓ હાજર નહોતા થયા, એ દર્શાવે છે કે બ્રિટિશતંત્રની શુભનિષ્ઠામાંથી આપણે શ્રધ્ધા ગુમાવી હતી. મોડરેટોની વિચારસરણિના આકર્ષણનો કાળ હવે પૂરો થયો હતો. પૂર્ણ સ્વાતંત્ર્યથી લગીરે ઓછું પ્રથમ વિશ્વયુધ્ધ પછીના નવ-ભારતને સંતુષ્ટ કરી શકે એમ નહોતું. સ્વાતંત્ર્યપ્રાપ્તિનું નિશાન હવે સ્પષ્ટ બન્યું હતું. ગાંધીજીએ સમગ્ર ભારતને પ્રસ્પંદિત કરનાર સ્વાતંત્ર્યસંગ્રામનું નેતૃત્વ વીસમી સદીના ત્રીજા દસકામાં સંભાળી લીધું હતું. આ બધાંને કારણે, અત્યાર સુધી રાજભક્તિ તથા દેશભક્તિના જોડાજોડ વહેતા કાવ્ય-પ્રવાહોમાંથી રાજ્યભક્તિનો પ્રવાહ ગુજરાતી કવિતામાંથી લુપ્ત થયો, એનો ઉલ્લેખ આગળના પ્રકરણમાં પણ કર્યો છે. ગાંધીયુગની કવિતામાં હવે માત્ર દેશભક્તિનાં કાવ્યોનો પ્રવાહ જ ધસમસતો વહેતો દેખાય છે.

વીસમી સદીની કવિતામાં આરંભથી જ હિન્દુભાવને બદલે હિન્દી-

હિન્દીભાવ પરિપુષ્ટ થતો જણાય છે, એની નોંધ જુદાજુદા સંદર્ભમાં આગળ લેવાઇ છે. લલિતનાં "હિન્દી:જનજન" :૧૯૧૩:, હિન્દી અમે, તો!" :૧૯૧૩:, "હિન્દભૂમિના અમે પાલકો":૧૯૧૩:, "હિન્દકીર્તન" :૧૯૧૫: પ્રસ્તુત હિન્દીભાવની વિશેષ પ્રતીતિ કરાવશે. હવે પછીના કાળમાં બલિદાનોની ગૌરવગાથાઓ રચાય છે. હિન્દના ધ્વજ વિશે ૧૯૧૬માં રચેલા એક કાવ્યમાં લલિતે એવી ગાથા ગાયેલી છે:

"સ્વદેશજનનાં રક્ત-બિંદુનો, રચેલ ઝુંડો એક !
એનાં સ્મરણ દર્શન સ્પર્શે, શિરનાં દાન અનેક! " :પૃ. ૧૫૮:

"જય સ્વદેશ! જય સ્વરાજ્ય!" :૧૯૧૭: એવું પ્રેરક પદ સંભવત: હોમરૂલની લડતની અસર નીચે લલિતજીએ રચ્યું છે. લલિતનાં આ પછીનાં કાવ્યોમાં ગાંધીજીની અસર વરતાય છે. "ધરી તિલક સ્વરાજ્યનું શિર, કરોજી કેસરિયાં!" ગાંધીજીની સ્વરાજ્યની લડતને વીરરસની પરિભાષામાં ગૂંથવાનો કવિએ ઉપર્યુક્ત કાવ્યમાં સફળ પ્રયાસ કર્યો છે. પરંતુ કવિ હંસરાજની "પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં"- એ કવિતા ઉપરથી રચાયેલી જણાતી, પણ હંસરાજની કવિતાથી જુદો જ ભાવ રજૂ કરતી "ધોળી ટોપીનાં ટોળાં ઉતર્યાં, ઉતરિયાં કૈં હિમાલયના હંસ રે!" એ કવિતામાં ગાંધીજીના અનુયાયીઓને બિરદાવવાનો કવિ લલિતનો પ્રયાસ સુભગ નથી જણાતો.

કવિ લલિતની કવિતા બંગભંગની અસર નીચે લખાઇ હોય કે બ્રિટિશ-સમ્રાટને આવકાર આપવા માટે સર્જાઇ હોય, હોમરૂલની પ્રવૃત્તિથી પ્રેરાઇ હોય કે ગાધીજીના સ્વાતંત્ર્ય સંગ્રામના સર્વવ્યાપક પ્રભાવમાંથી જન્મી હોય,- એના આવા વિવિધ તબક્કાઓમાં દેશહિતચિંતા સતત સેવાયેલી છે. કવિ લલિતે યથાર્થ જ કહ્યું છે:

"જન્મીને મેં પ્રથમ નિરખી દિવ્ય જે દેશમૂર્તિ-
એ તો મ્હારી જીવિત ભરની એક સૌ દેશમૂર્તિ!" :પૃ. ૫૦૪:

: 3:

૯. ત્રિભુવન વ્યાસે "નવાં ગીતો" :બાળકો માટે,૧૯૨૪:, "નવાં ગીતો" :ભા.૨, ૧૯૨૫: તથા "બે દેશગીતો" :૧૯૨૮: રચેલ છે. રાષ્ટ્ર-પ્રેમની વૃત્તિ પ્રજાજીવનમાં એવી સર્વવ્યાપક બની હતી કે બાળકો માટે રચાતાં ગીતોમાં :"નગારૂં: "નહિ નમશે નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું," વ.: પણ એનો અંકુર ફૂટતો દેખાય છે. ત્રિભુવન વ્યાસનાં ગીતોમાં ભાવની બલિષ્ઠ રજૂઆત થયેલી હોય છે.

"નવા ગીતો:, ભા.૨ના પુરોવાચનમા કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે ભૂતકાળમાં દેશપ્રત્યેના પ્રેમભાવને આપણે "જન્મભૂમિ વાત્સલ્યના પ્રેમાળ ભાવથી ઓળખતા હતા. આપણે ત્યાં અભિમાન ન મળે પણ વાત્સલ્યનો કૌટુંબિક ભાવ જ હોય..રાષ્ટ્રીય ભાવના તો કૌટુંબિક ભાવનાના વિકાસ-રૂપે જ પરિણમવી જોઇએ." દેશાભિમાનની લાગણી ઉન્માદકારી નહિ પણ સત્ત્વશાળી હોવી જોઇએ,એવો કાકાસાહેબનો આગ્રહ સાચો છે. લલિતની દેશભક્તિમાં દેખાતા સાત્ત્વિક કૌટુંબિકભાવ વિશે આગળ નોંધ કરી જ છે. એવો સાત્ત્વિક ભાવ જાગૃત કરે એવા દેશભક્તિકાવ્યના ઉદાહરણ તરીકે ત્રિભુવન વ્યાસનું "મારૂં ઘર" :"સુખશાંતિનું ધામ પરમ એ, પ્યારૂં ઘર મારૂં": કાકાસાહેબે આગળ ધર્યું છે.

પ્રકૃતિનિરૂપણ સાથે સંકળાઇ જતો કવિનો દેશપ્રેમ "ગીરનાં જંગલ", "ભારતી", "સૌરાષ્ટ્ર" ઇ. કાવ્યોમાં જોવા મળે છે. ત્રિભુવન વ્યાસે જલિયાંવાલા બાગની કતલની કથની લોકગીતની ઢબે "રતનબાનો ગરબો" માં સબળ રીતે કહી છે. એ કાવ્યના આરંભમાં અંગ્રેજોના છળપ્રપંચનો ચિતાર કવિએ આ રીતે આપ્યો છે:

"અંગરેજી રાજ તો આવ્યું, આવીને ફાવ્યું રતનબા,
જુગતિથી મુલક જીત્યા, ને સૈકા વીત્યા રતનબા."

"ભારતી"અને "સૌરાષ્ટ્ર" પ્રત્યેની કવિની ભક્તિ "બે દેશગીતો"માં પ્રગટ થયેલી છે. "ભારતી" કાવ્યમાં (:"અમિત મહિમાવતી માત વંદૂ તને, ભારતી! જગતકલ્યાણજનની":) ત્રિભુવન વ્યાસે ભારતના ગૌરવવંતા ભૂતકાળને ભાવના-

ત્મક

આવેશપૂર્વક ગાયો છે. કલ્પનાના ચમત્કારવાળું સૌરાષ્ટ્રવર્ણન પણ કવિએ કર્યું છે:

"પ્રૌઢ સિંધુ પરે ઝૂકતી પશ્ચિમે મધ્યમાં એશિયાની અટારી!
હિંદદેવી તણી કમરપર ચમકતી દૃઢ કસી તીક્ષ્ણ જાણે કટારી!
..ધન્યાહો ધન્ય! સૌરાષ્ટ્ર ધરણી."

સૌરાષ્ટ્રનાં માનવીઓ, એની પ્રકૃતિશોભા, એનો ઇતિહાસ તથા એના શૌર્યભાવની હૃદયના પ્રેમથી ધબકતી ગાથા પ્રસ્તુત કાવ્યમાં કવિએ ગાયેલી છે. અડીખમ શૌર્યને બુલંદ ધીંગી વાણીમાં ભાવોદ્રેકપૂર્વક ગાઇ શકવામાં ત્રિભુવન વ્યાસની કવિ તરીકેની એક વિશેષતા રહેલી છે.

૧૦. પોતાની કવિકારકિર્દીના પ્રારંભ સમયમાં જ "સ્વદેશ ગીતાવલિ" :૧૯૧૯: નામે સ્વદેશ ઉપરનાં જ સ્વરચિત ગીતોનો સંગ્રહ કેશવ શેઠે પ્રસિધ્ધ કર્યો હતો, એ ઘટના એમના કવનમાં દેશભક્તિના વિષયના મહત્ત્વની પરિચાયક બને છે.

ડો. હરિપ્રસાદ દેસાઇએ "સ્વદેશગીતાવલિ"ના વિચારપ્રેરક ~~પ્રવેશક~~ પ્રવેશકમા નોંધ્યું છે: "પહેલાંના કવિઓ દેશના ભૂતકાળ માટે શોક કરતા હતા.. "એવો ગયો કાળ ન હાય! આવે," વ.ગાઇ પોતે રોતા અને બીજાને રોવડાવતા હતા." દેશોદય માટે વર્તમાનકાળમાં જ પુરૂષાર્થ કરવાનો છે તથા કેવળ ભૂતકાળવાદી બનવાથી કાંઇ અર્થ સરવાનો નથી એ ખ્યાલ આવતાં નિરાશાની ઉપર્યુકત વૃત્તિ ગુજરાતી કવિતામાં ક્રમશ: વિલીન થઇ ગઇ હતી એ વાત સાચી છે. કાળ પરિવર્તન થતાં આપણા કવિઓને વર્તમાનકાળ હીણો લાગતો બંધ થયો. પ્રજાકીય પુરૂષાર્થના અંતિમ લક્ષ્ય તરીકે સ્વરાજ્યપ્રાપ્તિ સ્થાપિત થઇ ચૂકી હતી. બ્રિટિશતાજને શિર પર ધારવાની કોઇ વાત હવે રહી નહોતી. હવેતો, "શિર પર શાશ્વત રવિશો ધરશું, સ્વરાજ્યરૂપી તાજ" તથા "સુહવશું ભારત સ્વર્ગસમાન". ભારતની રાજકીય ક્ષિતિજે સત્યાગ્રહની ભાવના પ્રગટ થઇ ચૂકી હતી. ૧૯૧૭માં લખાયેલા એક કાવ્યમાં કેશવ શેઠ કહે છે: "એક ટેક સત્યાગ્રહવ્રતનો." આવી રીતે, વર્તમાનકાળ જ એટલા બધાં આંદોલનોથી તથા ઉજ્જવળ

શક્યતાઓથી ભરેલો લાગતો હતો કે ગુજરાતના કવિને ભૂતકાળ તરફ નજર કરીને નિસાસા નાખવાની જરૂરત રહી જ નહિ.

કેશવ શેઠે કેટલાક મહાન પુરૂષો વિશે પ્રશસ્તિનાં કાવ્યો રચ્યાં છે. "સ્વરાજ્યગીતાવલિ" રચાઈ એ સમયમાં રાષ્ટ્રવાદી દૃષ્ટિકોણ ધરાવતા ઝીણા પણ અન્ય મહાપુરૂષો સાથે કાવ્યવિષય બનેલા છે:

"તાજ હિણા રાજાને નામે, ફિરોજશા મશહૂર રે,
સ્થાન સવાયું ઝીલ્યું ઝીણાએ, મુંબઈ છે મગરૂર."

કવિ તરીકે ન્હાનાલાલના આંકેલા માર્ગે આગળ વધતા કેશવ શેઠે સ્વાર્પણની તમન્ના, મર્દાનગી, ઉત્સાહ ઇ.ભાવોને મધ્યકાલીન વાતાવરણની પીઠિકાવાળા જોશભરેલા રણરાસો દ્વારા મૂર્ત કરેલ છે, ઉદાહરણ તરીકે, "વીરાંગનાઓનો વિનોદ", એ રણગીત. વીરાંગનાનો પ્રાણપ્રિય કન્થ કેવો છે?

"સ્નાયુ વજ્ર શા, ઢાલ શી છાતી, કટિયે કસી તલ્વાર,
કનકનો તોડો પદમોઝાર, પ્રતાપી સૂર્યવંશી અવતાર,
દીપાવે ભર્યો રાજદરબાર, મને એ વ્હાલો મુજ ભરથાર."

:"અંજલિ", ૧૯૨૬:

રાષ્ટ્રપ્રીતિ વ્યક્ત કરવામાં રાસ કવિનું એક પ્રિય માધ્યમ બની રહે છે. "રાસનલિની" :૧૯૩૨:માં રાસો મારફતે નવયુગનાં વાગેલાં અમૃત ચોઘડીઆના "દૈવી રણકાર" કેશવ શેઠે સંભળાવ્યા છે.

ગાંધીયુગની કવિતામાં ભારતીય ધ્વજ એક નવા વિષય તરીકે ઉમેરાય છે. "હિમગિરિને શિખર ફરફરતો, મલયાનિલની પાંખે તરતો" દેશભૂમિ ભારતનો ધ્રુવતારક શો દિવ્યધ્વજ કેશવ શેઠની એક કૃતિ "કેસરિયાં" :૧૯૩૦:માં કાવ્યવિષય તરીકે નિરૂપાયેલો છે. ગાંધીયુગની રાષ્ટ્રીય અસહકારની લડતે સમગ્ર ગુજરાતી સાહિત્યસર્જનને, વિશેષે રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાને, વેગ આપેલો છે. ગાંધીયુગની કવિતાને સહજ એવો યુયુત્સાભાવ કેશવ શેઠની કવિતામાં દેખાય છે.

: ४:

લોકમાન્ય ટિળક વિશે રચાયેલી કેટલીક કૃતિઓનો અહીં ઉલ્લેખ કરી લેવાનું ઇષ્ટ ધાર્યું છે. ગુજરાતનો પડોશી પ્રાંત મહારાષ્ટ્ર જ ટિળકની ઉદ્દામવાદી પ્રવૃતિઓનું કેન્દ્ર હતો. પરંતુ એ ઉદ્દામવાદી રાજકીય પ્રવૃત્તિનું કોઇ આકર્ષણ ગુજરાતના કવિઓએ અનુભવ્યું હોય તથા ભારતના રાજકારણના ગરમ પક્ષે ગુજરાતમાં ઊંડાં મૂળ નાખ્યાં હોય તેવું જણાતું નથી. ગુજરાતમાં રાનડે ફિરોઝશાહ ગોખલેના નરમ પક્ષના વિચારોની બોલબાલા હતી. પ્રવર્તમાન સદીની લગભગ પહેલી વીસી સુધી તો ગુજરાતનું માનસ બ્રિટિશ-રાજ્યભક્તિથી ભીંજાયેલું હતું. એવા સંજોગોમાં, "સ્વરાજ્ય મારો જન્મસિધ્ધ હકક છે" એવો મંત્ર ઉચ્ચારનાર ટિળક ગુજરાતના કવિઓના એક આરાધ્ય મહાપુરુષ બને તે અસંભવિત ગણાય. આ સદીની પ્રથમ વીસી દરમિયાન રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા રચનાર પંડિતયુગના ત્રણ મુખ્ય કવિઓએ - ન્હાનાલાલ, ઠાકોર તથા ખબરદારે - ટિળકના વ્યકિતત્વનું કે એમના રાજકીય સંદેશનું ખેંચાણ અનુભવ્યું હોય એમ લાગતું નથી. ગુજરાતના મવાળવાદી રાજકીય આગેવાન અંબાલાલ દેસાઇના શિષ્ય બળવંતરાય ઠાકોર તો ટિળકની રાજકીય નીતિરીતિ પ્રત્યે સ્પષ્ટ અણગમો ધરાવતા હતા. આમ છતાં, જીવનને નિ:સાર માનતી મધ્યકાલીન નિવૃત્તિવાદી દષ્ટિને સ્થાને પ્રબળ પ્રવૃત્તિવાદી જીવનદષ્ટિના ટિળકે કરેલા સમર્થ પુરસ્કારની - ભારતને કર્મયોગના પાઠ શિખવવાના ટિળકના ભારે પુરૂષાર્થની ગુજરાતી કવિતાના આત્મા પરત્વે સૂક્ષ્મ અસર થઇ હોય એવું સ્વીકારવામાં સંભવિતતાનો જ એક સ્વીકાર થયેલો ગણાશે.

ટિળકના જીવનકાળ દરમિયાન જ એમની મહત્તાનો પરિચય પામીને કોઇ પ્રસિધ્ધ ગુજરાતી કવિએ કાવ્ય રચ્યું હોય એવું જાણવામાં નથી. હા, કેટલાક અજાણ્યા પદ્યકારોએ ટિળકને "રાજ્યદ્રોહ"ની સજા ભોગવવા માટે બર્માના માંડલેના કેદખાનામાં મોકલી આપ્યા હતા તે પ્રસંગ વિશે દુ:ખ કે વિરોધનો ભાવ વ્યકત કરતી પુસ્તિકાઓને ટિળકના જીવનકાળ દરમિયાન જ પ્રસિધ્ધ કરેલી હતી ખરી.[૮] પરંતુ એકંદરે, ટિળક વિશે જે કાંઇ

ધ્યાનપાત્ર કૃતિઓ રચાઇ છે તે એમના અવસાન પછી ગાંધીયુગદરમિયાન રચાયેલી છે. નારાયણ વિસનજી ઠક્કરે ભારતના કેટલાક મહાપુરુષો - તિલક, અરવિંદ, લજપતરાય, સ્વામી શ્રધ્ધાનંદ, ઇ.- વિશે "કાવ્ય કુસુમાકર" :૧૯૩૦: માં કાવ્યો રચ્યાં છે, એમાંથી એક ઉદાહરણ લઇએ:

"કર્મયોગના રહસ્યનું જ્યાં તિલકે આપ્યું દાન,
જ્યાં અરવિન્દે કરમાં ધાર્યું ઉન્નાયક યૌગિક વેમાન."

વ્યાસ લલિતાશંકર લાલશંકરે "લલિતકાવ્યસંગ્રહ" :૧૯૩૮: માં ૧૯૦૭ની કોંગ્રેસમાં ટિળકને સૂરતે આપેલા આવકાર વિશેનું એક કાવ્ય રચ્યું છે. ટિળકના સૂરતમાં થયેલા આગમનથી કવિને સૂરતની રડતી "સૂરત" "હસતી ખીલતી મૂરત" જેવી ભાસી છે. ટિળકરૂપી સૂર્યના અરૂણ તરીકે એમને ખાપર્ડે દેખાયા છે. સૂરતમાં ટિળકના આગમનથી મોડરેટો- "અધવચિયા" "દહીંદૂધિયાઓ"- કવિના મતે ડરી ગયા હતા:

"સત્ય વાણી ને છટા વડે જન દિંગ જ કીધા,
દહીં દૂધમાં પાદ, રાખતા જન તો બ્હીધા."

ગુર્જર-મહારાષ્ટ્ર વચ્ચેનું અંતર કાપનાર એક "ગુર્જરનેતા" તરીકે ટિળકને લલિતાશંકરે ઓળખાવ્યા છે. લોકમાન્ય ટિળક વિશે લલિતાશંકરે રચેલી પાંચેક કૃતિઓનું કાવ્યત્વ સામાન્ય છે, પણ વિષયની દૃષ્ટિએ એ કૃતિઓ ધ્યાન ખેંચે છે:

"સફરનું સખ્ય" :હરિશ્ચંદ્ર ભટ્ટ તથા મુરલી ઠાકૂર, ૧૯૪૦: માં હરિશ્ચંદ્રે "મળસ્કે ચોપાટી ઉપરનું લોકમાન્યનું બાવલું જોઇને" - કાવ્ય રચેલું છે:

"પ્રાચી વિષે અમ નવોદિત ભાનુ જેવો
તું વ્યાસ, સૌ શીખવીઓ નવધ્યાનમંત્ર-
નિષ્કામ કર્મ કરજો, તપ એ જ સાચું."

હિન્દના સ્વરાજ્યના આધ જનકોમાંના એક મહાન જનક "ભવ્ય લોકાધિરાજ" ટિળકને દેશળજીએ ૧૯૪૭માં સ્વાતંત્ર્યપ્રાપ્તિટાણે સમુચિત રીતે જ સ્મર્યા હતા:

"જય હો, જય હો હિંદસ્વરાજ,
જેના જનક તિલક મહારાજ." :"ઉત્તરાયન"-૧૯૫૪:

: ૫:

આઝાદીની લડત દરમિયાન સ્વદેશભક્તિનાં ગીતોના સંખ્યાબંધ સંગ્રહો પ્રગટ થયા હતા. એમાંના ઘણાખરા સંગ્રહો તો આજે સુલભ્ય પણ નથી. એ સંગ્રહોમાં જેમનાં કાવ્યો મૂકાયાં છે તેમાંના ઘણા તો પ્રમાણમાં ખૂબ ઓછા જાણીતા કવિઓ છે. એમાંના કેટલાક કવિઓનાં કાવ્યો તો ગ્રંથસ્થ જ થયાં નથી. સ્વદેશભક્તિની કવિતાની એવી વેરવિખેર પડેલી સામગ્રીમાંથી ઘણું તો કાળના પ્રવાહને અધીન થાય એવું છે. પરંતુ એ સામગ્રીના ઢગ વચ્ચેથીય કાવ્યત્વનો કાચા સુવર્ણ જેવો ઝબકાર જોવા મળે છે. એના કેટલાંક ઉદાહરણો હવે જોઇએ. "માજી હવે ઉજળી થાશે રાત અંધારી આથમી રે લોલ," એમ ગાનાર કવિ વિહારીએ :બેચરદાસ પટેલે: હિન્દના ભાવિ-ચિત્ર વિશે કેટલીક અતિશયોક્તિયુક્ત પણ રમણીય કલ્પનાઓ કરેલી છે.

"ઝરશે અમીઝરતા વરસાદ ભૂમિ ભીંજાવશે રે,
ક્યારકે કલ્પતરૂનો પાક કણના કળશી થશે રે."

કવિની ભારત વિશેની આ કલ્પનાઓ હજૂ પણ સાકાર થવી બાકી છે. બીજા એક પટેલ લેખક જીવાભાઇના "માડીની ઝૂંપડી" કાવ્યનું ઉદાહરણ પણ આગળ ધરી શકાય એવું છે:

"દુ:ખિયાંનો વિસામો રે, માડી તારી ઝૂંપડી,
રણવગડાનો છાંયો રે, આંધળિયાની લાકડી."

ચીમનલાલ પ્રા. ભટ્ટ "મારૂં વતન આ મારૂં વતન હાં," એવું ભારત વિશેનું ગીત સ્નેહાર્દ્રતાપૂર્વક ગાયું છે. જ્યારે કલ્યાણજી મહેતાએ આત્મશ્રધ્ધાનો બુલંદ રણકાર ગજાવ્યો છે: "દિવાલો દુર્ગની ફાટે,તમારા કેદખાનાની,
તૂટે જંજીર લોખંડી, તમારી આત્મશ્રધ્ધા તો."

વળી કોઇ અજ્ઞાત કવિએ સ્મરણમાં રમી રહે એવી,અવતરણક્ષમતાના ગુણવાળી, પ્રાસાદિક વાણીમાં હિન્દમહિમા ગાયો છે:

"જય હિન્દભૂમિ તારો મહિમા દિગન્ત ગાજે,
રેલી અમીનિધિ કૈં કુદરત તને નવાજે."

સ્વદેશભક્તિનાં આવાં ગીતોની વિગતે ચર્ચા પરિશિષ્ટ બીજામાં ~~કરવામાં~~

કરવામાં આવેલી છે.

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન રાષ્ટ્રપ્રીતિના પ્રભાવે જીવનના બધાં જ ક્ષેત્રોને એની ભીંડાળમાં લઇ લીધાં હતાં. ધંધાદારી રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકોનાં ગીતો એ સર્વવ્યાપી અસરથી અસ્પૃષ્ટ કઇ રીતે રહી શકે? રંગભૂમિનાં ગીતોમાં પણ રાષ્ટ્રીય અસ્મિતાનો ચમકાર અનુભવાય છે. રંગભૂમિનાં ગીતો લખનાર કવિ ભારતના સુખદ ભૂતકાળની સ્મૃતિઓને આ રીતે વાગોળે છે:

"હિન્દ રાણી હતી, જગત-જાણી હતી,
આખા આલમની આશ્ચર્ય- કહાણી હતી.
સ્વર્ગદેવોની મશહૂર વાણી હતી."

તથા-

"હતાં આર્યોનાં સુંદર પ્રભાત,
બ્હેની, પૂર્વજના યુગની શી વાત?"

સ્વાતંત્ર્ય એ તો માનવનો આત્મા. એ આત્મા વિનાનું ખોળિયું નિર્જીવ ગણાય:

"કોયલ છે પણ કંઠ નથી, આકાશ છે તોય પ્રકાશ નથી,
જીવન છે, જીવનમંદિરમાં પણ સ્વતંત્રતાનો શ્વાસ નથી."

પારતંત્ર્યની વેદનાનો ડંખ રંગભૂમિના કવિએ પણ અનુભવ્યો છે. પારતંત્ર્યની ગૂંગળામણને કારણે મુક્તિને ચાતકના તલસાટપૂર્વક એ ઝંખે છે:

"ઓ માતૃભૂમિ તારા મુક્તિ તણા કિનારા,
ક્યાં છે પ્રકાશધારા અંશુ ઉદય અમારા -".

રંગભૂમિનાં આવાં સ્વદેશભક્તિનાં ગીતોની પરિશિષ્ટ એકમાં વધુ વિગતો સાથે ચર્ચા કરવામાં આવી છે.

---

<u>સંદર્ભ તથા પાદનોંધ</u>

1. "સાહિત્યવિચાર", પૃ. ૪૨૩

2. "ભારતનો ટંકાર", પ્રસ્તાવના, પૃ.૧૩-૧૪. "ભારતનો ટંકાર"ની આવૃત્તિ ત્રીજી :૧૯૪૧: માંથી તથા "રાષ્ટ્રિકા" આવૃત્તિ પહેલી :૧૯૪૦: માંથી સર્વત્ર પૃષ્ઠાંકો નોંધ્યા છે.

૩. "સાહિત્યવિચાર", પૃ. ૪૨૯

૪. "અર્વાચીન કવિતા", પૃ. ૩૩૦

૫. "સાહિત્યનિકષ", પૃ. ૧૫૭

૬. આ કાવ્યને "લલિતનો લલકાર"ની અંતિમ તથા સંપૂર્ણ આવૃત્તિ :૧૯૫૧:માંથી રદ કરવામાં આવ્યું છે,... બ્રિટિશભક્તિનું હોવાને કારણે? પ્રસ્તુત કાવ્ય માટે જૂઓ "લલિતનાં કાવ્યો", પૃ. ૧૧૨, બી. આ. ૧૯૧૮.

૭. "હિન્દી મણિ બ્રિટિશ કુન્દન,
પ્રભુરચિયા અબન્ધ બન્ધન !" :પૃ. ૧૧૫, ૧૯૧૮ની આવૃત્તિ:

૮. એવી કેટલીક પદ્યપુસ્તિકાઓનાં નામો નીચે મુજબ છે: ૧. "દેશભક્ત મહાત્મા તિલકદેવને થયેલી સજા માટે શોકદર્શક દિલગીરીનું પુસ્તક :૧૯૦૮: શાહ અમીચંદ નથુભાઇ. ૨. એ જ લેખકની બીજી કૃતિ: "શ્રીયુત તિલકના કેશની દિલગીરીનો હેવાલ" ૩. "શ્રીયુત તિલક મહારાજના તથા નવરાત્રિના ગરબા": સોની જગજીવનદાસ જેરામજી. ૪. એ જ લેખકની બીજી કૃતિ: "દેશમાન્ય તિલક મહારાજની યાદગીરીનું ગીત" ૫. એ જ લેખકે રચેલી તિલકની સજા સામે ભારતની "ત્રીસ કરોડ" જનતાની અપીલ રજૂ કરતી પદ્યપુસ્તિકા: "પરમેશ્વરની પ્રીવી કાઉન્સીને અપીલ". પુસ્તિકા નં. ૧ સિવાય અન્યત્ર છાપ્યા સાલ મળતી નથી. પણ એમાં નિરૂપાયેલા પ્રસંગની તત્કાલીનતા જોતાં ટિળકના જીવનકાળ દરમિયાન જ એ પ્રસિધ્ધ થયેલી જણાય છે. ૬. "સૂરતની સફર" :૧૯૦૮: માં મોહનલાલ ચુલેણવાળાએ "લાલબાલ ને પાલની સૂરતમાં પધરામણી" નામે કાવ્ય છાપ્યું છે. એક બીજી હકીકતેય અહીં નોંધવા જેવી છે. બ્રિટિશ સરકારે ટિળકને બર્મામાં કેદ રાખ્યા હતા. એ જ બર્માના રંગૂન શહેરમાંથી "તિલકભક્તમંડળ" નામે એક મંડળ ચાલતુંહતું. એ મંડળે વિઠ્ઠલરાય મો. પંડયાની "રાષ્ટ્રીય સુબોધસંગીતામૃત": ૧૯૨૩: નામે કૃતિ પ્રસિધ્ધ કરી હતી.